# દસમાંધોરણનાવિદ્યાર્થીઓપરવાલીઓનુંદબાણ

**Mital Baldhiya**
Research Student (Pursuing Ph.D.), Department of Education, Gujarat Vidhyapith, Ashram Road, Ahmedabad, Gujarat.

Received: January 08, 2019 Accepted: February 22, 2019

***ABSTRACT:*** *પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ પરનાં વાલી દબાણની તપાસ કરવાનો હતો. આ સાથે જ વિદ્યાર્થીઓ પરના વાલી દબાણની તેમની જાતિ, રહેઠાણ વિસ્તાર અને વાલીઓની શૈક્ષણિક સ્થિતિના સંદર્ભમાં તપાસ કરવાનો હતો. નમૂનામાં દસમાં ધોરણમાં અભ્યાસ કરતા 460 વિદ્યાર્થીઓ પસંદ થયા હતા. ઉપકરણ તરીકે વાલી દબાણ માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. માપદંડની વિશ્વસનીયતા ત્રણ રીતે તપાસવામાં આવી હતી . જેમાં Cronbach's Alpha મૂલ્ય 0.88 હતું, Spearman Brown Coefficient મૂલ્ય 0.79 હતું ,અને Guttman Split Half Coeffcient મૂલ્ય 0.83 હતું. આ સાથે જ યથાર્થતા તપાસવા માટે ઉપયોગમાં લેવાયેલા Clifs Consistency Index– 'C'નું મૂલ્ય 0.39 હતું. સંશોધનનાં પરિણામો જણાવતા હતા કે મોટા ભાગના વિદ્યાર્થીઓ પરનું વાલી દબાણ વધુ માત્રામાં હતું. કન્યાઓ કરતાં કુમારો પર, ગામડામાં રહેતા વિદ્યાર્થીઓ કરતા શહેરમાં રહેતા વિદ્યાર્થીઓ પર અને જેમના વાલી નિરક્ષર હોય તેના કરતાં જેમના વાલી સાક્ષર હોય તેવાં વિદ્યાર્થીઓ પર વાલી દબાણ સાર્થક રીતે વધારે જોવા મળ્યું હતું.*

***Key Words:*** *વિદ્યાર્થી, વાલી, દબાણ, તણાવ*

આજનો યુગ એ સ્પર્ધા અને કારકિર્દીનો યુગ છે. સ્પર્ધા અને કારકિર્દીમાં પાછળ ન રહી જાય તે માટે વિદ્યાર્થીઓ પર વાલીઓ અનેક પરકારના દબાણો કે અપેક્ષાઓ રાખે છે. આ અપેક્ષાઓના બોઝ હેઠળ વિદ્યાર્થીઓનું વ્યકિતત્વ કુંઠિત થઈ શકે છે. વિદ્યાર્થીઓ તણાવનો ભોગ બની શકે છે. વિદ્યાર્થીઓની સ્વ-સંકલ્પના કે સ્વ-માન પર નકારાત્મક અસર પડી શકે છે. આજના આધુનિક માતા-પિતા પોતાના બાળકને દેખાદેખીમાં સંપૂર્ણ બનાવવા ઘણો પ્રયત્ન કરે છે . જેના કારણે તેમની વધુ પડતી અપે ક્ષાથી બાળકને માનસિક તણાવ, લઘુતાગ્રંથિ, એકલતા જેવી માનસિક બિમારીઓ ઘેરી વળે છે. બાળકો માધ્યમિક શાળામાં પ્રવેશ મેળવે ત્યારથી વાલીઓ તેમની શૈક્ષણિક સિદ્દિ્ધ માટે વધુ પડતી અપેક્ષાઓ ધરાવતા થઈ જાય છે. દસમું ધોરણ એ કારકિર્દી માટેનું એક નિર્ણાયક પગથિયું હોવાથી બાળક દ્સમાં ધોરણમાં પ્રવેશ મેળવે ત્યારથી આ અપેક્ષાઓ સતત વધતી જાય છે. Lal (2014)ના મત મુજબ વિદ્યાર્થીઓમાં તણાવનું પ્રમાણ વધે તે માટે અનેક કારણો જવાબદાર છે પરંતુ તેમાં સૌથી વધુ મહત્ત્વનું વાલીઓનું દબાણ જવાબદાર છે. Deb, Strodal & Sun (2015)નાં સંશોધનનાં તારણો એવું જણાવે છે કે 66% વિદ્યાર્થીઓ પર વાલીઓની શૈક્ષણિક સિદ્દિ્ધ મેળવવા માટેનું દબાણ વધુ પડતું હોય છે. Singh (2014)ના મત અનુસાર વાલીઓની વધુ પડતી અપેક્ષાઓથી બાળકમાં તણાવનું પ્રમાણ વધી જાય છે. વાલીઓની અપેક્ષા અને બાળકના તણાવ વચ્ચે તેમનાં સંશોધનમાં ધન સહસંબંધ જોવા મળ્યો હતો. તણાવનું વધુ પ્રમાણ વિદ્યાર્થીઓમાં શારીરિક-માનસિક બિમારીઓને આમંત્રણ આપે છે, તેઓ પોતાના પ્રત્યે બેપરવાહ બની જાય છે (Weidner, Kohlmann, Dotzauer & Burns 1996). તાજેતરમાં થયેલા એક સર્વે પ્રમાણે વધુ પડતી વાલીઓની અપેક્ષાના દબાણ અને તેના કારણે જન્મતા તણાવથી કોટાના વિદ્યાર્થીઓમાં નશાખોરી, ડ્રગ્સ, રેગિંગ, સેક્સ્યુઅલ હેરસમેન્ટ, વણજોઈતી પ્રેગનન્સી,, એકલતા, વજનમાં ઘટાડો, એસીડીટી, ઊંઘની તકલીફ અને એઝિયારી જેવા લક્ષણો ખૂબ સામાન્યપણે જોવા મળે છે

કેટલીક વાર માતા-પિતાની વિદ્યાર્થીઓની ક્ષમતાથી વધુ પરિણામની આશા રાખવાના કારણે વિદ્યાર્થીઓ પર વિપરીત અસર થાય છે અને તેનાં પરિણામે બાળકો આત્મહત્યા તરફ દોરાય છે . ભારતમાં આના માટે એક સર્વે પણ થયો છે, તે પ્રમાણે ભારતમાં દર 90 મિનિટે એક બાળક આવા માનસિક તણાવથી આત્મહત્યા કરે છે. આપણને આવા માનસિક તાણના વધુ પડતા કિસ્સા ધોરણ 10 માં વધુ જોવા મળે છે. તેથી સંશોધકે પ્રસ્તુત સંશોધન હાથ ધરવાનું નક્કી કર્યું હતું

### સંશોધનનાહેતુઓ

1. દસમાં ધોરણના વિદ્યાર્થીઓ પરના વાલી દબાણની કક્ષા તપાસવી.
2. દસમાં ધોરણના વિદ્યાર્થીઓ પરના વાલી દબાણની તેમની જાતિ, રહેઠાણ વિસ્તાર અને વાલીની શૈક્ષણિક સ્થિતિના સંદર્ભમાં તપાસ કરવી.

### સંશોધનમાંસમાવિષ્ટચલો

પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ ચલોની વિગત નીચે મુજબ છે:

| પરતંત્રચલ | સ્વતંત્રચલ | કક્ષા |
|---|---|---|
| વાલી અપેક્ષા દબાણ | જાતિ | કુમાર<br>કન્યા |
| | રહેઠાણ વિસ્તાર | શહેર<br>ગામ |

| | | |
|---|---|---|
| વાલીની શૈક્ષણિક સ્થિતિ | સાક્ષર | |
| | નિરક્ષર | |

**સંશોધનનીઉત્કલ્પનાઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓને અનુરૂપ નીચે મુજબની ત્રણ શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામા આવી હતી.

1. દસમાં ધોરણના કુમારો અને કન્યાઓએ વાલી દબાણ માપદંડ પર પ્રાપ્ત કરેલા પ્રાપ્તાંકોનાં સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
2. શહેરમાં રહેતા અને ગામડામાં રહેતા દસમાં ધોરણના વિદ્યાર્થીઓએ વાલી દબાણ માપદંડ પર પ્રાપ્ત કરેલા પ્રાપ્તાંકોનાં સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
3. જેમના વાલી સાક્ષર હોય અને જેમના વાલી નિરક્ષર હોય તેવા દસમાં ધોરણના વિદ્યાર્થીઓએ વાલી દબાણ માપદંડ પર પ્રાપ્ત કરેલા પ્રાપ્તાંકોનાં સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**વ્યાપવિશ્વઅને નમૂનો**

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં બોટાદ શહેરની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા દસમાં ધોરણના વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો. બોટાદ શહેરમાં આવેલી શાળાઓની યાદી બનાવવામાં આવી હતી અને આ યાદીમાંથી 7 શાળાઓની પસંદગી યાદૃચ્છિક કરવામાં આવી હતી. આ 7 શાળામાંથી ધોરણ દસના એક વર્ગની પસંદગી યાદૃચ્છિક રીતે કરવામાં આવી હતી અને આ રીતે પસંદ થયેલ વર્ગના માહિતી એકત્રીકરણના દિવસે હાજર રહેલા બધાં જ વિદ્યાર્થઓનો સમાવેશ નમૂનામાં થયો હતો. આમ નમૂના પસંદગી માટે યાદૃચ્છિક ઝૂમખાં પ્રયુક્તિનો ઉપયોગ થયો હતો. નમૂનામાં સમાવિષ્ટ પાત્રોની લાક્ષણિકતા સારણી 1 માં રજૂ કરવામાં આવી છે.

**સારણી1**
**નમૂનામાંસમાવિષ્ટપાત્રોનીલાક્ષણિકતા**

| ક્રમ | લાક્ષણિકતા | | કુલ | એકંદરેકુલ |
|---|---|---|---|---|
| 1 | જાતિ | કુમાર | 335 | 460 |
| | | કન્યા | 125 | |
| 2 | રહેઠાણ વિસ્તાર | શહેર | 350 | 460 |
| | | ગામ | 110 | |
| 3 | વાલીની શૈક્ષણિક સ્થિતિ | સાક્ષર | 337 | 460 |
| | | નિરક્ષર | 123 | |

સારણી 1ના અવલોકના આધારે કહી શકાય કે નમૂનામં કુલ પાત્રો સમાવિષ્ટ થયા હતા. જેમાં 335 કુમારો હતા અને 125 કન્યાઓ હતી; 350 પાત્રો શહેરમાં રહેનારા હતા અને 110 પાત્રો ગામડામાં રહેનારા હતા. 337 પાત્રો એવા હતા જેમના વાલી સાક્ષર હતા અને 123 પાત્રો એવા હતા જેમના વાલી નિરક્ષર હતા.

**ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે વાલી દબાણ માપદંડની સંશોધકે રચના કરી હતી. આ માપદંડ લિકર્ટ પ્રકારનો પંચ બિંદુ માપદંડ હતો. તેમાં કુલ 20 કલમો હતી. માપદંડના મુખપૃષ્ઠ પર સંશોધકે માપદંડનું શીર્ષક, સંશોધકનું નામ-પદવી, માર્ગદર્શકનું નામ-હોદ્દો, સંસ્થાનું નામ વગેરે સૂચિત કર્યાં હતાં. પ્રસ્તુત સંશોધનને લગતી પરિચયાત્મક વિગતો પણ રજૂ કરવામાં આવી હતી. આ સાથે જ નમૂનામાં પસંદ થયેલાં પાત્રો પાસેથી મેળવવાની પ્રાથમિક વિગત જેવીકે જાતિ, રહેઠાવ વિસ્તાર, વાલીની શૈક્ષણિક સ્થિતિની વિગતો લખવા માટેનું એક કોષ્ટક પણ આપ્યું હતું. પાત્રોએ પ્રતિચાર કઈ રીતે આપવાનો છે તેને લગતી કેટલીક સૂચનાઓ આપવામાં આવી હતી . પ્રત્યેક કલમની સામે સંમંતીની માત્રા દર્શાવતા વિકલ્પ 'સંપૂર્ણ સંમત', 'સંમત', 'તટસ્થ', 'અસંમત', 'સંપૂર્ણ અસંમત' મૂકવામાં આવ્યા હતા. નમૂનામાં સમાવિષ્ઠ પાત્રએ '√'ની નિશાની કરીને પ્રતિચાર આપવાનો હતો. માપદંડની વિશ્વસનીયતા ત્રણ રીતે તપાસવામાં આવી હતી . જેમાં Cronbach's Alpha મૂલ્ય 0.88 હતું, Spearman Brown Coefficient મૂલ્ય 0.79 હતું,અને Guttman Split Half Coeffcient મૂલ્ય 0.83 હતું. આ સાથે જ યથાર્થતા તપાસવા માટે ઉપયોગમાં લેવાયેલા Clifs Consistency Index– 'C'નું મૂલ્ય 0.39 હતું. બાહ્ય યથાર્થતામાં આ માપદંડ સક્ષમ હોવાનું પ્રસ્થાપિત થયું હતું

**માહિતીએકત્રીકરણ**

માહિતી એકત્રીકરણ માટે સૌ પ્રથમ સંશોધકે નમૂનામાં પસંદ થયેલ શાળાઓના આચાર્યોની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેઓને સંશોધન અને તેના હેતુ અંગે માહિતી આપી હતી. તેમની પાસેથી માહિતી એકત્રીકરણ માટેની પરવાનગી મેળવી હતી. ત્યારબાદ નિશ્ચિત કરેલ તારીખ અને સમયે સંશોધક માહિતી એકત્રીકરણ કરવા ગયા હતા .સૌ પ્રથમ સંશોધકે નમૂનામાં પસંદ થયેલા પાત્રોને પ્રસ્તુત સંશોધનના હેતુઓ અંગે માહિતી આપી હતી .પાત્રો સાથે આત્મીયતા સ્થાપી તેમના દ્વારા અપાયે લી માહિતીને સંપૂર્ણ ખાનગી રાખવાની બાંયધરી આપી હતી .ઉપકરણમાં પાત્રોએ પ્રતિચાર કઈ રીતે આપવાનો છે તે અંગે સમજ આપી હતી .માહિતી આપવા માટે કોઈ ચુસ્ત સમય મર્યાદા રાખવામાં આવી ન હતી . પાત્રોને પ્રતિચાર આપવા માટે વીસ મિનિટ જેટલો સમય લાગતો હતો. માહિતી એકત્રીકરણમાં શાળાના આચાર્યો, શિક્ષકો અને નમૂનામાં સમાવિષ્ટ પાત્રોએ સંપૂર્ણ સહયોગ આપ્યો હતો.તેઓએ આ સંશોધનનાં પરિણામો જાણવાની પણ ઈચ્છા વ્યકત કરી હતી.

 E ISSN 2348 –1269, PRINT ISSN 2349-5138

**માહિતીવિશ્લેષણઅનેઅર્થઘટન**


કમ્પ્યૂટર પ્રોગ્રામ SPSSનો ઉપયોગ કરીને Cronbach's Alpha, Spearman Brown Coefficient અને Guttman Split Half Coeffcient પ્રયુક્તિ દ્વારા વાલી દબાણ માપદંડની વિશ્વસનીયતા ત્રણ પ્રયુક્તિઓ દ્વારા તપાસવામાં આવી હતી. Rathod (2000) દ્વારા રચિત કમ્પ્યૂટર પ્રોગ્રામ NRTVB-2000નો ઉપયોગ કરીને Clifs Consistency Index – ‘C’ પ્રયુક્તિ દ્વારા આ માપદંડની યથાર્થતા તપાસવામાં આવી હતી. ઉત્કલ્પનાની ચકાસણી માટે કમ્પ્યૂટર પ્રોગ્રામ SPSSનો ઉપયોગ કરીને t-ratioની ગણતરી કરવામાં આવી હતી.

પ્રસ્તુત સંશોધનનો પ્રથમ હેતુ દસમાં ધોરણના વિદ્યાર્થીઓ પરના વાલી દબાણની કક્ષા તપાસવાનો હતો. સંશોધકે વાલી દબાણને ત્રણ કક્ષામાં વર્ગીકૃત કર્યું હતું. આ કક્ષા નક્કી માટે સરેરાશ+/- પ્રમાણ વિચલન (Mean +/- Sd) સૂત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સરેરાશ+પ્રમાણ વિચલન (Mean + Sd) કરતા જે અંક પ્રાપ્ત થયો તેના કરતા વધુ પ્રાપ્તાંકો ધરાવતા વિદ્યાર્થીઓને ‘વધુ વાલી દબાણ’ એવી કક્ષામાં મૂકવામાં આવ્યા હતા. સરેરાશ-પ્રમાણ વિચલન (Mean - Sd) કરતા જે અંક પ્રાપ્ત થયો તેના કરતા ઓછા પ્રાપ્તાંકો ધરાવતા વિદ્યાર્થીઓને ‘ઓછું વાલી દબાણ’ એવી કક્ષામાં મૂકવામાં આવ્યા હતા. અને આ બન્ને કક્ષાની વચ્ચેના પ્રાપ્તાંકો ધરાવતા વિદ્યાર્થીઓને ‘મધ્યમ વાલી દબાણ’ એવી કક્ષામાં મૂકવામાં આવ્યા હતા. વાલી દબાણની કક્ષા અને તે અનુસાર વિદ્યાર્થીઓની ટકાવારી સારણી 2 માં રજૂ કરવામાં આવી છે.

**સારણી2**
**વાલીદબાણનીકક્ષાઅનેવિદ્યાર્થીઓનીટકાવારી**

| ક્રમ | વાલીદબાણનીકક્ષા | પ્રાપ્તાંક | વિદ્યાર્થીઓનીસંખ્યા | ટકાવારી |
|---|---|---|---|---|
| 1 | વધુ | > 58.20 | 200 | 43.47 % |
| 2 | મધ્યમ | 41.20 થી 58.20 | 156 | 33.91 % |
| 3 | ઓછુ | < 41.20 | 104 | 22.60 % |
| | **કુલ** | | 460 | 100.00 % |

સારણી 2 ના અવલોકનના આધારે કહી શકાય કે જેમના પર વાલીનું દબાણ વધુ હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા 43.47 % હતી, જેમના પર વાલીનું દબાણ મધ્યમ હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા 33.91 % હતી અને જેમના પર વાલીનું દબાણ ઓછું હોય તેવા વિદ્યાર્થીઓની 22.60 % સંખ્યા હતી. વાલી દબાણની કક્ષા અનુસાર વિદ્યાર્થીઓની ટકાવારી આકૃતિ 1માં રજૂ કરવામાં આવી છે.




**આકૃતિ1**
**વાલીદબાણનીકક્ષાઅનુસારવિદ્યાર્થીઓનીટકાવારી**

પ્રસ્તુત સંશોધનની પ્રથમ ઉત્કલ્પના વિધાર્થીઓની જાતિ અનુસાર તેમના પરના વાલી દબાણની તપાસ કરવા સંબંધિત હતી. આ ઉત્કલ્પના ચકાસણીનાં પરિણામોનો સારાંશ સારણી 3માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી3**
**જાતિઅનેવાલીદબાણવચ્ચેનોસંબંધ**

| જાતિ | પાત્રોનીસંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | સરાસરીનોતફાવત | ટીગુણોત્તર | સાર્થકતાનીકક્ષા |
|---|---|---|---|---|---|---|
| કુમાર | 335 | 51.39 | 7.781 | 2.641 | 3.940 | 0.01 |
| કન્યા | 125 | 49.26 | 10.007 | | | |

સારણી 3ના આધારે કહી શકાય કે જાતિ અને વાલી દબાણ વચ્ચેનો સંબંધ તપાસવા માટે કુમાર અને કન્યાઓએ વાલી દબાણ માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકોની અસહસંબંધિત સરાસરીઓના ટી -ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીનાં પરિણામ અનુસાર કુમા રો *(M=51.39, SD=7.781)* અને કન્યાઓએ *(M=49.26, SD=10.007)* વાલી દબાણ માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત હતો. *(t=3.940, df=458, p=0.406)*. આ ઉત્કલ્પના ચકાસણીઓ પરના પરિણામો જણાવતા હતા કે કુમાર અને કન્યાઓ પરનાં વાલી

દબાણ વચ્ચે સાર્થક તફાવત હતો. વાલી માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરીના આધારે કહી શકાય કે કન્યાઓ કરતાં કુમારો પર વાલી દબાણ વધારે જોવા મળ્યું હતું.

પ્રસ્તુત સંશોધનની દ્વિતીય ઉત્કલ્પના વિદ્યાર્થીઓની રહેઠાણ વિસ્તાર અનુસાર તેમના પરના વાલી દબાણની તપાસ કરવા સંબંધિત હતી. આ ઉત્કલ્પના ચકાસણીનાં પરિણામોનો સારાંશ સારણી 4 માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી4**
**રહેઠાણવિસ્તારઅને વાલીદબાણવચ્ચેનોસંબંધ**

| રહેઠાણવિસ્તાર | પાત્રોનીસંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | સરાસરીનોતફાવત | ટીગુણોતર | સાર્થકતાનીકક્ષા |
|---|---|---|---|---|---|---|
| ગામ | 350 | 50.12 | 8.401 | 5.605 | 3.940 | 0.01 |
| શહેર | 110 | 55.73 | 10.849 | | | |

સારણી 4ના આધારે કહી શકાય કે રહેઠાણ વિસ્તાર અને વાલી દબાણ વચ્ચેનો સંબંધ તપાસવા માટે શહેરમાં રહેતા અને ગામડામાં રહેતા વિદ્યાર્થીઓએ વાલી દબાણ માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકોની અસહસંબંધિત સરાસરીઓના ટી -ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. પરિણામ અનુસાર ગામમાં રહેતા *(M=50.12, SD=8.401)* અને શહેરમાં રહેતા *(M=55.73, SD=10.849)* વિદ્યાર્થીઓના વાલી અપેક્ષાદબાણ માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત હતો *(t=3.940, df=458, p=.001)*. આ ઉત્કલ્પના ચકાસણીઓ પરના પરિણામો જણાવતા હતા કે કુમાર અને કન્યાઓ પરનાં વાલી દબાણ વચ્ચે સાર્થક તફાવત હતો . વાલી માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરીના આધારે કહી શકાય કે શહેરમાં રહેતા વિદ્યાર્થીઓ પર વાલી દબાણ વધારે જોવા મળ્યું હતું.

પ્રસ્તુત સંશોધનની તૃતિય ઉત્કલ્પના વિદ્યાર્થીઓના વાલીઓની શૈક્ષણિક સ્થિતિ અનુસાર તેમના પરનાં વાલી દબાણની તપાસ કરવા સંબંધિત હતી. આ ઉત્કલ્પના ચકાસણીનાં પરિણામોનો સારાંશ સારણી 5 માં રજૂ કરવામાં આવ્યો છે.

સારણી 5
વાલીઓની શૈક્ષણિક સ્થિતિ અને વાલી દબાણ વચ્ચેનો સંબંધ

| વાલીઓનીશૈક્ષણિકસ્થિતિ | પાત્રોનીસંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | સરાસરીનોતફાવત | ટીગુણોતર | સાર્થકતાનીકક્ષા |
|---|---|---|---|---|---|---|
| સાક્ષર | 337 | 511.9 | .8591 | 2.050 | 2.287 | 0.05 |
| નિરક્ષર | 123 | 49.14 | 9.006 | | | |

સારણી 5ના આધારે કહી શકાય કે વાલીની શૈક્ષણિક સ્થિતિ અને વાલી દબાણ વચ્ચેનો સંબંધ તપાસવા માટે જેમના વાલી સાક્ષર હોય તેવા અને જેમના વાલી નિરક્ષર હોય તેવા વિદ્યાર્થીઓએ વાલી દબાણ માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકોની અસહસંબંધિત સરાસરીઓના ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. પરિણામ અનુસાર ગામમાં રહેતા *(M=51.19, SD=8.591)* અને શહેરમાં રહેતા *(M=49.14, SD=9.006)* વિદ્યાર્થીઓના વાલી અપેક્ષાદબાણ માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત હતો *(t=2.287, df=458, p=.406)*. આ ઉત્કલ્પના ચકાસણીનાં પરિણામો જણાવતા હતા કે જેમના વાલી સાક્ષર હોય તેવા અને જેમના વાલી નિરક્ષર હોય તેવા વિદ્યાર્થીઓ પરના વાલી દબાણ વચ્ચે સાર્થક તફાવત હતો. વાલી માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરીના આધારે કહી શકાય કે જેમના વાલી સાક્ષર હોય તેવા વિદ્યાર્થીઓ પર વાલી દબાણ વધારે જોવા મળ્યું હતું.

## તારણોનીચર્ચા

જેમના પર વાલીનું દબાણ વધુ હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા 43.47 % હતી, જેમના પર વાલીનું દબાણ મધ્યમ હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા 33.91 % હતી જ્યારે જેમના પર વાલીનું દબાણ ઓછું હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર 22.60 % હતી. તેનો અર્થ એ થયો કે મોટાભાગના વિદ્યાર્થીઓ પર વાલી દબાણ વધારે માત્રામાં છે. તેથી શાળામાં વાલીઓ માટે સલાહ અને માર્ગદર્શનના કાર્યક્રમો યોજવા જોઈએ. વાલીઓ દબાણને બદલે પ્રેક અને પ્રોત્સાહન આપે તે માટે સમજાવવા જોઈએ. દબાણથી વિદ્યાર્થીઓની માનસિક સ્થિતિ કથળી શકે છે તે અંગે જાગૃત કરવા જોઈએ.

કન્યાઓ કરતાં કુમારો પર વાલી દબાણ વધારે જોવા મળ્યું હતું તે પાછળ અનેક કારણો જવાબદાર હોઈ શકે છે. જે પૈકીનુ એક કારણ એ પણ હોઈ શકે છે કે વાલીઓ એવી વિચારસરણી ધરાવતા હોય શકે કે ભવિષ્યમાં કુમારોએ કોઈ વ્યસાય કે નોકરીમાં જોડાવું અનિવાર્ય છે. તેથી તેમણે તેવા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવાનો રહેશે કે જેમાં રોજગારી કે આવકની તકો વધુ હોય. અને આવા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવાનો આધાર તેમની ટકાવારી જ છે. તેથી વાલીઓ કુમારો પર વધુ અપેક્ષા દબાણ રાખતા હોઈ શકે તેવું બની શકે છે. શહેરમાં રહેતા વિદ્યાર્થીઓના વાલીઓની સાક્ષરતા વધારે હોઈ શકે છે અને તેમની સાક્ષરતા તેમજ વાલીઓની નોકરી કે વ્યવસાય મેળવવાની ચિંતામાં વિદ્યાર્થીઓ પર વધુ દબાણ કરાતા હોય તેવું બની શકે છે.

## સંદર્ભસૂચિ

1. Singh, B.P (2014). A study of the students perception of academic stress due to their parents about their studies, Scholarly Research Journal for Interdisciplinary Studies, 2 (13), 1751-1757

2. Weidner, G., Kohlmann, C. W., Dotzauer, E., & Burns, L. R. (1996). The effects of academic stress on health behaviors in young adults. Anxiety, Stress, & Coping : An International Journal, 9, 123-133.
3. Deb,S.; Strodl, E. & Sun, J. (2015). Academic Stress, Parental Pressure, Anxiety and Mental Health among Indian High School Students, International Journal of Psychology and Behavioral Sciences , 5(1), 26-34
4. Lal, K. (2014). Academic stress among adolescent in relation to intelligence and demographic factors, American International Journal of Research in Humanities, Arts and Social Sciences, 123-129.